આજે શહેરમાં ધામધૂમપૂર્વક મહાવીર જયંતિ ઉજવાશે

સવારે ભવ્ય શોભાયાત્રા અને બપોરે સમૂહ સ્નાત્ર પૂજા જેવા કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર, તા.૦૩ ગાંધીનગરમાં જૈન સમુદાય દ્વારા ચૈત્ર સુદ-૧૩ મંગળવારે તા.૪ એપ્રિલના રોજ મહાવીર જયંતિની ધામધૂમપૂર્વક ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. પાટનગરમાં મહાવીર જયંતિ નિમિત્તે સે.૨૨માં જૈન દેરાસર ખાતે શ્રી ગાંધીનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા ધામધૂમપૂર્વક ઉજવણીનું આયોજન કરાયું છે જેમાં ભવ્યાતિભવ્ય શોભાયાત્રા, ગુરુદેવ પ્રવચન, સમૂહ સ્નાત્ર પૂજા જેવા કાર્યક્રમો યોજાશે. શહેરના અન્ય જૈન મંદિરોમાં પણ મહાવીર જયંતિની ઉજવણીના વિવિધ આયોજન કરવામાં આવ્યાં છે.

સત્ય, કરુણા અને અંહિસાનો સંદેશ આપનારા ભગવાન શ્રી મહાવીર સ્વામીની જન્મજયંતિ સમગ્ર દેશભરમાં ધામધૂમથી ઉજવાશે ત્યારે ગાંધીનગરમાં પણ મહાવીર જયંતિ નિમિત્તે મંગળવારે સે.૨૨ જૈન મંદિર ખાતેથી સવારે ૬.૩૦ કલાકે ભવ્યાતિભવ્ય શોભાયાત્રા યોજાશે. આ પછી સવારે ૭.૩૦ કલાકે શ્રી સંઘની નવકારશી, સવારે ૮.૩૦ કલાકે પૂ.ગુરુદેવના મુખેથી પ્રવચન અને સવારે ૧૦ કલાકે સમૂહ સ્નાત્ર પૂજા યોજાશે જેમાં મોટી સંખ્યામાં સકળ શ્રી સંઘના સભ્યોને પરિવાર સાથે જોડાશે. સે.૨૨માં સ્થાનકવાસી જૈન દેરાસર ખાતે પણ મહાવીર જયંતિની ઉજવણીનું આયોજન કરાયું છે.

પુસ્તક પરબમાં મુલાકાતીઓએ પુસ્તકો સાથે હેપ્પી ચકલી ઘર અને ચણ મેળવ્યાં

ગાંધીનગર, તા.૦૩ ગાંધીનગરમાં દર મહિનાના પ્રથમ રવિવારે પુસ્તક પરબ યોજવામાં આવે છે.એપ્રિલ માસની બલરામ મંદિર પરિસરમાં યોજાયેલ પુસ્તક પરબમાં પુસ્તકો - સામયિકોની સાથે મુલાકાતીઓને હેપ્પી ચકલી ઘર અને પક્ષીઓના ચણ માટે જુવાર દાણા પણ ભેટમાં આપવામાં આવ્યા હતા. ઉત્સાહ સાથે પુસ્તક પ્રેમીઓમાં વડીલો ઉપરાંત યુવા - યુવતીઓએ પણ પરબનો લાભ લીધો હતો. પુસ્તક - સામયિકો મળી કુલ ૧૭૨ ની જાવક અને ૩૭૨ ની આવક થઈ હતી. લગભગ ૧૪૦ જેટલા મુલાકાતીઓએ પુસ્તક પરબની મુલાકાત લીધી હતી. હેપ્પી યુથ ક્લબ તરફથી હેપ્પી ચકલી ઘરનું વિતરણ કરવામાં આવ્યું હતું. બાળકો ચકલી ઘર મેળવી ખુશ બન્યાં હતાં. આત્મન તરફથી જુવાર દાણાના પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. પરબના આયોજનમાં આશાબેન સરવૈયા, દિશાંત ગર્ગ, ગજેન્દ્રભાઈ વાઘેલા, તાહિરભાઈ, સમીરભાઈ રામી, સંજયભાઈ થોરાત, ધાર્મિક પટેલ, તરુણભાઈ , રમેશભાઈ શ્રીમાળી, અનિકેત સુમેસરા અને પૂનમબેન ટાંક વગેરેએ સરસ સહયોગ આપ્યો હતો. આત્મન ફાઉન્ડેશન દ્વારા માતૃભાષા અભિયાન અંતર્ગત આ પુસ્તક પરબનું આયોજન કરવામાં આવે છે.

ગાંધીનગરમાં જી-૨૦ના મહાનુભાવોને આકર્ષતી વારલી ચિત્રકળા



ગાંધીનગર, તા.૦૩ ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે જી-૨૦ વર્કિંગ ગ્રુપની બેઠકો ચાલી રહી છે. આ બેઠકો દરમિયાન ગુજરાતની વિવિધ ભાતીગળ કલા સંસ્કૃતિને પ્રદર્શિત કરવામાં આવતા સ્ટોલ્સ રાખવામાં આવ્યા છે જેમાં પાટણના પટોળા, કાષ્ટકલા, વારલી ચિત્રકળા વગેરેનો સમાવેશ થાય છે. આ પ્રદર્શનમાં વારલી ચિત્રકળાના છોટાઉદેપુરથી આવેલા મહિલા કલાકાર અર્ચના રાઠવા દ્વારા વિવિધ કૃતિઓ પ્રદર્શિત કરવામાં આવી છે જે જી-૨૦ના મહાનુભાવોને આકર્ષી રહી છે.

ગુજરાતના છોટાઉદેપુરથી આવેલા વારલી ચિત્રકળાના કલાકાર અર્ચના રાઠવા આ કળાને વોલ પેઈન્ટિંગ, વુડન પેઈન્ટિંગ, ફેબ્રિક પેઈન્ટિંગ તેમજ આર્ટ પેપર પેઈન્ટિંગ જેવા માધ્યમોથી તૈયાર કરે છે તેમજ તેઓ અનેક યુવા કલાકારોને વારલી ચિત્રકળાની તાલીમ પણ આપે છે.

અર્ચના રાઠવાએ જણાવ્યું હતું કે "વારલી કળા એ ગુજરાત અને મહારાષ્ટ્રના સીમાવર્તી જિલ્લાઓમાં વસતા આદિવાસી મહિલાઓની પારંપરિક ચિત્રકળા છે જેમાં મહિલાઓ દ્વારા ગેરુ, માટી અને છાણના મિશ્રણને લીંપીને તેના પર ચોખા વાટીને બનાવેલા સફેદ રંગથી પોતાની ઝૂંપડીને સજાવવા એક ખાસ પ્રકારની પદ્ધતિથી ચિત્રો દોરવામાં આવે છે જેમાં ત્રિકોણ, વર્તુળ, ચતુષ્કોણ તથા વિવિધ રેખાઓનો ઉપયોગ થાય છે. આ ચિત્ર કળામાં મોટે ભાગે રોજના જીવન કાર્યો ગ્રામ્ય સંસ્કૃતિ પારંપરિક ઉત્સવો તેમજ પ્રકૃતિ આધારિત ચિત્રોનો સમાવેશ થાય છે. આ ચિત્રકળા ખાસ કરીને લગ્ન પ્રસંગો તેમજ અન્ય શુભ અને ધાર્મિક પ્રસંગો દરમિયાન કરવામાં આવે છે. વારલી ચિત્રકળામાં આદીવાસીઓના "તરપા ઉત્સવ"નું ચિત્ર સૌથી લોકપ્રિય છે. જેમાં તરપા નામનું એક વાદ્ય વગાડતા કલાકારની ફરતે ગોળાકારમાં આદિવાસીઓ નૃત્ય કરતા હોય તે દ્રશ્ય ચિત્રિત કરવામાં આવે છે. આ ઉપરાંત વૃક્ષની ફરતે કરાતા નૃત્યો, પ્રકૃતિ દર્શન, ગ્રામ્ય સંસ્કૃતિ વગેરે દર્શાવતા ચિત્રો પણ વારલી ચિત્રકળામાં દોરવામાં આવે છે. વારલી ચિત્રકળા આદિવાસીઓના પ્રકૃતિ સાથેના તાદાત્મને સુપેરે પ્રસ્તુત કરે છે અને હવે આ ચિત્રકળા શહેરોમાં પણ ખૂબ લોકપ્રિય બની રહી છે."

અત્રે ઉલ્લેખનીય છે કે જી-૨૦ વર્કિંગ ગ્રુપની બેઠક દરમિયાન અત્રે મહાત્મા મંદિર ખાતે અર્ચના રાઠવા દ્વારા પ્રસ્તુત કરાયેલી વાલી ચિત્રકળાને પધારેલા મહાનુભાવો દ્વારા પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડ્યો હતો.

લગ્નમાં ડીજે વગાડવા પર પ્રતિબંધ : આંજણા ચૌધરી સમાજની અનોખી પહેલ

ધાનેરા ખાતે યોજાયેલ ૫૪ ગામ આંજણા ચૌધરી સમાજની બેઠકમાં મહત્વના નિર્ણયો લેવાયા : યુવાનો ફેશનેબલ દાઢી નહી રાખી શકે

ગાંધીનગર, તા. ૩ દેખાદેખીમાં અને ફેશનેબલ દેખાવવાના ચક્કરમાં આજકાલ જે રીત-રીવાજો સમાજમાં પેસી ગયા છે તેને દૂર કરવા અને ખોટા ખર્ચાથી બચવા આંજણા ચૌધરી સમાજે અનોખી પહેલ કરી છે. તાજેતરમાં ધાનેરા ખાતે યોજાયેલ ૫૪ ગામ આંજણા ચૌધરી સમાજની બેઠકમાં સમાજ સુધારણા માટે મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે. આજકાલ લગ્નોમાં ખોટા ખર્ચાઓનું પ્રમાણ વધી ગયુ છે. દેખાદેખીમાં અનેક પ્રકારની બદીઓએ સમાજમાં પાછલા બારણે પ્રવેશ કર્યો છે. આ બદીઓને દૂર કરવા આંજણા ચૌધરી સમાજે મહત્વપૂર્ણ નિર્ણયો લીધા છે. તાજેતરમાં ધાનેરા ખાતે યોજાયેલ ૫૪ ગામ આંજણા ચૌધરી સમાજની બેઠકમાં સમાજ સુધારણા માટે અનેક નિર્ણયો લેવાયા હતા. આજકાલ સમાજના યુવાનોમાં વ્યસનનુ અને ફેશનેબલ દાઢી રાખવાનુ પ્રમાણ વધી રહ્યુ છે. તેના પર નિયંત્રણ રાખવા દંડની જોગવાઈ કરવામાં આવી છે. વ્યસનને તીલાંજલી નહી આપે તો ૧ લાખનો દંડ વસુલાશે. એવી જ રીતે યુવાનો જો ફેશનેબલ દાઢી રાખશે તો ૫૧ હજારના દંડની જોગવાઈ કરવામાં આવી છે.

લગ્ન પ્રસંગે સૌથી વધુ ખોટો ખર્ચો માત્ર દેખાદેખીમાં થાય છે. તેના પર નિયંત્રણ રાખવા લગ્ન પ્રસંગમાં ડીજે વગાડવા પર પ્રતિબંધ મુકાયો છે. લગ્નની આમંત્રણ પત્રિકા સાદી છપાવવાની રહેશે તથા ફટાકડા પણ પ્રમાણમાં જ ફોડી શકાશે. દીકરીને પેટી ભરવામાં ૫૧ હજારથી વધુ રૂપિયા ન આપવા એવો પણ નિર્ણય લેવાયો છે. આ ઉપરાંત મરણ પ્રસંગે થતાં કુરિવાજોને નાથવા પણ અનેક નિર્ણયો લેવાયા છે.

સેન્ટ્રલ યુનિવર્સિટી ગુજરાત દ્વારા ગત દિવસોમા થયેલ ૪થા પદવીદાન સમારંભમા ગાંધીનગરના ઋષિકેશ માંડલીયાને માસ્ટર ડિગ્રી એનાયત કરવામાં આવી હતી તથા ભવિષ્ય માટે શુભકામનાઓ આપી હતી.

સરકારી વિનયન કોલેજમાં વાર્ષિક દિન અને ઈનામ વિતરણ સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૩ સરકારી વિનયન કોલેજ ગાંધીનગરમાં વાર્ષિક દિન અને ઈનામ વિતરણ સમારોહ યોજાઈ ગયો. આ સમારંભમાં શિક્ષણ અને અન્ય આનુષાંગિક પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને શિલ્ડ- ઈનામ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સમારંભમાં કેટલીક વિશિષ્ટ વિદ્યાર્થી પ્રતિભાઓને ખાસ સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં આર ડી પરેડમાં ભાગ લેનાર વિદ્યાર્થી અને રાષ્ટ્રીય સ્તરે ખેલ કુદ સ્પર્ધા માં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. કાર્યક્રમમાં રાજ્યની અન્ય કોલેજના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. સંપૂર્ણ કાર્યક્રમ આચાર્યના માર્ગદર્શન અને એસઆરસી સમિતિના નેતૃત્વ હેઠળ યોજવામાં આવ્યો હતો.

ઘઉં ભરવાની સિઝનમાં જ ઘઉં મોંઘા

વારંવાર થતાં માવઠાના કારણે ઘઉંના ઉત્પાદન પર અસર : ઘઉંના ભાવોમાં લગભગ ૪૦ ટકાનો વધારો

ગાંધીનગર, તા. ૩ મોંઘવારીની સૌથી વધુ અસર ખાદ્ય પદાર્થો પર થઈ છે. અનાજ અને મસાલા ભરવાની સીઝનમાં જ અનાજના ભાવોમાં કમરતોડ વધારો થયો છે. વિવિધ પરિબળોની અસરના કારણે ઘઉં ભરવાની સિજનમાં જ ઘઉં મોંઘા થતાં ગૃહિણીઓ ત્રાહિમામ પોકારી ઉઠી છે.

મોંઘવારીના મારથી મધ્યમ વર્ગીય પરિવારો ખુબ હેરાન પરેશાન થઈ રહ્યા છે. શાકભાજી, દૂધ, અનાજ, મસાલા અને ઈંધણની કિંમતોમાં અસહ્ય વધી ગયા છે. ઘઉં ભરવાની સિઝન હાલમાં ચાલી રહી છે પરંતુ વારંવાર પડતા માવઠા અને યુક્રેન-રશિયા યુદ્ધની અસરના કારણે ઘઉંના ભાવો અધધ રીતે વધી ગયા છે. વેપારીઓના જણાવ્યા અનુસાર ઘઉંના ભાવોમાં લગભગ ૪૦ ટકાનો વધારો થયો છે. વળી વારંવાર પડતા માવઠાના કારણે ઘઉંની ગુણવત્તા પર પણ અસર પડી છે. અનાજ બજારોમાં સારી ક્વોલીટીના ઘઉં મળી રહ્યા નથી. જેના કારણે બારમાસી ઘઉં ભરનારા પર તેની અસર જોવા મળી રહી છે. દાઉદખાની ઘઉંની કિંમત ૧૦ કિલોના ૬૭૦, સિહોર શરબતી ૩૫૦ થી ૬૦૦ રૂ., મધ્યપ્રદેશના શરબતી ઘઉં ૫૫૦ રૂ. સુધી વેચાઈ રહ્યા છે. તમામ પ્રકારના ઘઉંમાં ૪૦ ટકાનો વધારો થતાં ગૃહિણીઓ પરેશાન થઈ ચૂકી છે.

લાલ મરચાના ભાવોમાં લાલચોળ તેજી

મસાલા ભરવાની સીઝન ગૃહિણીઓને આકરી લાગી રહી છે. લાલ મરચાના ભાવોમાં લાલચોળ તેજી છે. જીરાના ભાવોમાં પણ ગયા વર્ષ કરતા ૫૦ ટકાનો વધારો થયો છે. ગયા વર્ષે દળેલુ મરચું ૩૦૦ થી ૪૦૦ રૂ. કિલોના ભાવે મળતુ હતુ તે આ વર્ષે ૫૦૦ થી ૫૫૦ રૂ.ના ભાવે મળી રહ્યુ છે. જ્યારે કાશ્મીરી મરચાંનો ભાવ તો ૭૦૦ રૂ. સુધી પહોંચી ગયો છે. રેસમ પટ્ટો મરચું ૪૦૦ રૂ.ની જગ્યાએ ૫૫૦ રૂ.માં મળી રહ્યુ છે. જીરાના ભાવોમાં અધધ વધારો થયો છે. ૨૦૦ રૂ. કિલોના ભાવે મળતુ જીરૂ ૪૦૦ થી ૪૫૦ રૂ.ના ભાવે વેચાઈ રહ્યું છે. વધારો થયો છે. હાલમાં મોંઘવારીની સૌથી વધુ અસર ખાદ્ય પદાર્થો પર જોવા મળી રહી હોવાથી મધ્યમવર્ગીય પરિવારો માટે એક સાંધો ત્યાં તેર તુટે જેવી સ્થિતિ સર્જાઈ છે. અનાજના ભાવો અધધ રીતે

સાગર અકાદમી કલા સંસ્થા હિંમતનગર દ્વારા પાવાગઢ ચાંપાનેર મહોત્સવ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૩ ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી અને પ્રસિદ્ધ કલા સંસ્થા સાગર અકાદમી હિંમતનગર દ્વારા 'પાવાગઢ ચાંપાનેર મહોત્સવ સાંસ્કૃતિક કાર્યક્રમ' તા. ૧-૪-૨૩ના રોજ ચાંપાનેર ખાતે યોજાયો. આ પ્રસંગે પૂર્વ મંત્રી અને ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર, તાલુકા પંચાયત હાલોલના પ્રમુખ મહેન્દ્રસિંહ ચાવડા, પાવાગઢ મંદિરના ટ્રસ્ટી વિનોદભાઈ વરિયા તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ૫૦ ઉપરાંત કલાકારો દ્વારા અભિનય, નૃત્ય અને ગીત-સંગીતનો વિશિષ્ટ કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવ્યો.

હંમેશા નાવીન્ય રીતે કાર્યક્રમ તૈયાર કરાવતા ગૌરવ પુરસ્કૃત નાટ્યકાર ભરત વ્યાસ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંકલન અને દિગ્દર્શન કરવામાં આવ્યું હતું. જ્યારે નૃત્ય નિર્દેશન પ્રીતિ શર્મા દ્વારા કરવામાં આવ્યું હતું. ગીત-સંગીતનો કાર્યક્રમ જાણીતા લોકગાયક ભીખુદાન ગઢવી એન્ડ ગ્રુપ દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યો.

આ કાર્યક્રમને નિહાળવા ખૂબજ મોટી સંખ્યામાં પ્રેક્ષકો, યાત્રાળુઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કેતનભાઈ વાળંદે કર્યુ હતું.

બીજ રોપીને સતત પાણી સિંચ્યા કરીએ તો અલ્પ સમયમાં ફળ મળી શકતા નથી : પૂ.આનંદસ્વરૂપદાસ સ્વામી

'આર્ષ' અક્ષરધામ, પ્રવચનમાળા અંતર્ગત 'નિષ્કુળાનંદ કાવ્ય ૭, ધીરજાખ્યાન' વિષય ઉપર ૧૦૧મું પ્રવચન યોજાયું

ગાંધીનગર, તા. ૩ 'આર્ષ' શોધ સંસ્થાન અક્ષરધામ ગાંધીનગર દ્વારા વિશ્વવંદનીય સંત પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણા અને પ.પૂ. મહંતસ્વામી મહારાજના કૃપાશિષ હેઠળ છેલ્લા ૨૫ વર્ષથી ગંગાના પ્રવાહની જેમ વહેતી આર્ષ પ્રવચનમાળામાં ભારતીય મૂલ્યોનું સંવર્ધન થાય, તે હેતુને લક્ષમાં રાખીને વિદ્વાનો દ્વારા વ્યક્તિવિશેષ, સામાજિક

સમસ્યા, દર્શન અને શાસ્ત્ર-વિષયો આવરી ત્રૈમાસિક પ્રવચનનું આયોજન કરવામાં આવે છે. આ ક્રમ અંતર્ગત શાસ્ત્ર વિષયક 'નિષ્કુળાનંદ કાવ્ય ૭, ધીરજાખ્યાન' વિષય પર ૧૦૧માં પ્રવચનનું આયોજન તા. ૨-૪-૨૦૨૩ના રોજ સાંજે ૫ થી ૭ સમય દરમ્યાન યોજાયું હતું. આ પ્રસંગે વક્તા તરીકે પ્રો. ડૉ. પૂ. શ્રુતિપ્રકાશદાસ સ્વામી, નિયામકશ્રી, આર્ષ શોધ સંસ્થાન, ગાંધીનગર તથા સ્વામિનારાયણ અક્ષરધામ, મંદિરના મહંતશ્રી, પૂ. આનંદસ્વરૂપદાસ સ્વામીએ આશીર્વચન સહ વક્તવ્યનો લાભ આપ્યો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. પ્રવચનમાં ૧૨૦૦થી પણ વધુ શ્રોતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

પૂ. આનંદસ્વરૂપદાસ સ્વામીએ આશીર્વચન સહ પ્રસંગોચિત વાત કહેતાં જણાવ્યુ હતું કે આ લોકમાં આપણે આવ્યા છીએ, તો ધીરજ રાખ્યા વિના છૂટકો જ નથી. અમુક પ્રસંગોએ ધીરજ રાખવી અનિવાર્ય બની રહે છે. જો ધીરજ ન રાખીએ તો નિરાશા આવી શકે છે. કુટુંબ, પરિવારના સભ્યો દરેકના સ્વભાવ અલગ અલગ હોય છે, પરંતુ કોઈને હેરાન કરવાની વૃત્તિ હોતી નથી. પરંતુ આપણે તેઓ પાસેની અપેક્ષા કદાચ વિશેષ હોઈ શકે છે, જેને મર્યાદિત કરવી જરૂરી બની રહે છે. મનનું ધારેલું ન થાય તો પણ ધીરજ રાખવી જોઈએ. અવસર વિના ફળ નહિ પામે, ભલે સો મણ પાણી સિંચે... બીજમાંથી છોડ અને છોડમાંથી વૃક્ષ બને પછી જ ફળ મળે છે. બીજ રોપીને સતત પાણી સિંચ્યા

કરીએ તો અલ્પ સમયમાં ફળ મળી શકતા નથી. ટૂંકમાં કહીએ તો, સમય પૂર્વે કંઈ પ્રાપ્ત થતું નથી. આમા પણ ધીરજનો ગુણ છે.